*Research Guru Volume-10 Issue-2(September,2016) (ISSN:2349-266X)*

# લોર્ડ રિપન : એક માનવતાવાદી વાઈસરોય


**શ્રી શૈલેષકુમાર જી.ચતુર્વેદી**
**પી.એચ.ડી. સંશોધક,**
**ગુજરાત યુનીવર્સીટી**

## પ્રસ્તાવના

લોર્ડ લિટન બાદ ઈ.સ. ૧૮૮૦માં ભારતમાં વાઈસરોય તરીકે લોર્ડ રિપનને નીમવામાં આવ્યો હતો. બ્રિટિશ વડાપ્રધાન ગ્લૈડસ્ટોનના શાસનકાળનો તે એક ઉદારવાદી વ્યકિત હતો. જ્યારે રિપન વાઇસરોય તરીકે ભારતમાં આવ્યો ત્યારે ભારતની સ્થિતિ ઘણી જ નાજુક હતી.

લોર્ડ લિટનની નીતિઓને લીધે ભારતીયોમાં અંગ્રેજી શાસન પ્રત્યે ઘણોજ અસંતોષ અને અવિશ્વાસ વ્યાપી ગયો હતો. ભારતીયો લોર્ડ રિપનથી પણ એવી જ અપેક્ષાઓ રાખી રહ્યા હતા. પરંતુ ભારતીયોની આવી નકારાત્મક અપેક્ષાઓને બદલે રિપને અત્યંત ઉદારવાદી નીતિ અપનાવી તેણે લોર્ડ લિટનના દમનકારી કાર્યોને બદલે ભારતીયો પ્રત્યે સહનૂભૂતિપૂર્ણ વ્યવહારની નીતિ

અપનાવી. તેણે સૌ પ્રથમ તો ભારતીયોની અસંતોષ અને રોષની લાગણીઓ દૂર કરવાનો પ્રયત્ન કર્યો. તેણે લોર્ડ લિટન દ્વારા બહાર પડાયેલા અનેક વિવાદાસ્પદ અને અપ્રિય અધિનિયમો અને ધારાઓ રદ્દ કર્યા અને ભારતીયોને બીજા ઘણાં માનવતાવાદી સુધારાઓ પણ આપ્યા. આ સુધારાઓ ભારતીય પ્રજામાં ઘણા જ લોકપ્રિય થયા હતા.



લોર્ડ રિપન
શાસનકાળ ૧૮૮૦ – ૧૮૮૪

## લોર્ડ રિપન – એક માનવતાવાદી વાઈસરોય તરીકે

લોર્ડ રિપન પોતાનાં માનવતાવાદી અર્થાત ઉદારવાદી સુધારાઓ માટે આધુનિક ભારતનાં ઇતિહાસમાં ઘણો જ પ્રખ્યાત છે. તેણે ભારતીય પ્રજામાં પોતાના આ સુધારાઓ દ્વારા ઘણી જ લોકપ્રિયતા મેળવી હતી. તેનાં ભારતમાંનાં ઉદારવાદી વહીવટી સુધારાઓએ ભારતીય જનમાનસમાં વ્યાપક પ્રભાવ પડ્યો હતો.

લોર્ડ રિપનનાં માનવતાવાદી સુધારાઓ કે તેની ભારત પ્રત્યેની ઉદાર નીતિ નીચે મુજબ વર્ણવી શકાય છે.

**સ્થાનિક સ્વશાસનને લગતા સુધારા**

લોર્ડ રિપનને સૌથી અગત્યનો અને મહત્વપૂર્ણ સુધારો સ્થાનિક સ્વશાસનનાં ક્ષેત્રે હતો. તેણે ઈ.સ.૧૮૮૨માં સ્થાનિક સ્વશાસનને લાગતો પ્રસ્તાવ રજૂ કર્યો. લોર્ડ રિપનનો ઉદ્દેશ્ય સ્થાનિક સ્વશાસન માટે નગરપાલિકાઓનો વિકાસ કરવાનો હતો. તે પોતાનાં આ સુધારા દ્વારા વહીવટી વ્યવસ્થાને ઉત્તમ બનાવવા ઈચ્છતો હતો. તેનાં સુધારા દ્વારા તે ભારતીયોને રાજકીય અને સાર્વજનિક શિક્ષા પણ આપવા માંગતો હતો. લોર્ડ રિપનનાં રજૂ કરાયેલા સ્થાનિક સ્વશાસનનાં આ ઠરાવને બ્રિટીશ સરકારની સ્વીકૃતિ પણ મળી ગઈ હતી.

આ યોજના અનુસાર પ્રત્યેક ગામડાઓ કે ગ્રામીણ ઇલાકાઓમાં બોર્ડની સ્થાપના કરવામાં આવી. જિલ્લાઓમાં પણ જિલ્લાઓનાં ઉપ-વિભાગો બનાવવામાં આવ્યા. આ વિભાગો તહેસીલ અર્થાત્ તાલુકાઓ તરીકે સ્થાપવામાં આવ્યા. આ તાલુકાઓમાં પણ બોર્ડની રચનાઓ કરવામાં આવી. મોટા અને મુખ્ય નગરોમાં નગરપાલિકાઓ સ્થાપવામાં આવી. આ બધી સંસ્થાઓ માટે આવકનાં સાધનો નક્કી કરવા તથા તેઓને સ્થાનિક સમસ્યાઓનાં નિવારણ અંગેની જવાબદારીઓ સોંપવામાં આવી. સ્થાનિક સ્વશાસનની આ સંસ્થાઓમાં સરકારી કર્મચારીઓની સંખ્યા ઘટાડી દેવામાં આવી. બંને પ્રકારનાં સભ્યો વચ્ચેનો ગુણોત્તર ૧:૩ અને ૧/૩ નો રાખવામાં આવ્યો. બિનસરકારી સભ્યો મોટાભાગે શક્ય હોય તેટલા પ્રમાણમાં ચુંટણી દ્વારા ચૂંટાયેલ સભ્ય હોવાનું ઠરાવવામાં આવ્યું. આ સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓને સરકારનાં નિયંત્રણની બહાર રાખવામાં આવી. આ સ્વશાસનની સંસ્થાઓને સરકાર માત્ર દિશાનિર્દેશ આપી શકતી હતી. અથવા તો આ સ્વશાસનની સંસ્થાઓનાં કાર્યોની સમીક્ષા કરી શકતી હતી. તેમ છતાં અમુક બાબતો જેવી કે લોન લેવા, મંજુરી કરતાં વધારે ધન ખર્ચ કરવા, નક્કી કરેલા કરવેરા સિવાયનાં કરવેરા ઉઘરાવવા, નગરપાલિકાની સંપતિને વેચવા જેવી બાબતો માટે આ સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓએ સરકારની પરવાનગી લેવી પડતી હતી.

આ સંસ્થાઓને અપાયેલા અધિકારો અને નિયમો અનુસાર જો તે શાસન ન ચલાવે તો કેન્દ્રીય સરકારની પરવાનગી કે અનુમતિથી આ સંસ્થાઓને સમાપ્ત કે બંધ પણ કરી શકાતી હતી. આ સંસ્થાઓને સમાપ્ત કે બંધ પણ કરી શકાતી હતી. આ સંસ્થાઓનાં કાર્યક્ષેત્રો પણ નક્કી કરી દેવામાં આવ્યા હતાં. આ પ્રમાણે લોર્ડ રીપને ભારતીયોમાં સ્વશાસનકે જવાબદારીપૂર્ણ શાસનની શરૂઆત કરી દીધી હતી. લોર્ડ રિપન પોતાના અલગ અલગ સુધારાઓ પૈકી સ્થાનિક સ્વશાસનના સુધારાઓ માટે વધારે પ્રખ્યાત છે – માટે જ લોર્ડ રિપનને ભારતમાં સ્થાનિક સ્વશાસન કે સ્થાનિક સ્વરાજ્યનો જન્મદાતા માનવામાં આવે છે. લોર્ડ રિપન પોતાનાં આ કાર્ય દ્વારા ભારતીય પ્રાચીન સંસ્કૃતિની ગ્રામ્ય વ્યવસ્થાને પુનર્જીવિત કરી હતી.

**હંટર કમીશનની સ્થાપના અને શિક્ષણ ક્ષેત્રે સુધારા**

લોર્ડ રિપન દ્વારા શિક્ષણનાં ક્ષેત્રે પણ સુધારાઓ કરવામાં આવ્યા હતાં. તેણે ઈ.સ.૧૮૫૪માં જાહેર થયેલા ચાર્લ્સ વુડ્સના ખરિતા (Wood's Despatch) કે જે ભારતમાં શૈક્ષણિક સુધારાઓનાં સંદર્ભમાં બહાર પડયો હતો, તેમાં નક્કી કરેલા કાર્યોનાં મૂલ્યાંકન અને સમીક્ષા માટે લોર્ડ રીપને ઈ.સ. ૧૮૮૨માં ડબ્લ્યુ. ડબ્લ્યુ. હંટરની અધ્યક્ષતામાં એક આયોગ (કમિશન)ની સ્થાપના કરી. આ કમીશનમાં અધ્યક્ષ સિવાયનાં બીજા 20 સભ્યો હતાં અને તેમાં 8 ભારતીયોને પણ સમાવવામાં આવ્યા હતા. કમિશનનું મુખ્ય લક્ષ્ય પ્રાથમિક અને શરૂઆતના શિક્ષણનાં ક્ષેત્રે સુધારાઓ માટેના તથા શિક્ષણના વિકાસ માટેનાં વિવિધ ઉપાયો કે સૂચનો સૂચવવાનું હતું. આ આયોગે ભારતનાં વિવિધ પ્રાંતો અને પ્રદેશોની મુલાકાતો લીધી. તથા આ સંદર્ભે એક વિસ્તૃત રીપોર્ટ ઈ.સ.૧૮૮૩માં તૈયાર કરી સરકારની સામે પ્રસ્તુત કર્યો. હંટર કમિશને આ રીપોર્ટમાં નીચે મુજબનાં સૂચનો અને ભલામણો કરી હતી

- ✓ પ્રાથમિક શિક્ષણના વિસ્તાર અને વિકાસની જવાબદારી સરકારની દેખરેખ હેઠળ સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓને સોંપવામાં આવે.
- ✓ માધ્યમિક શિક્ષામાં બે પ્રકારની શિક્ષા આપવામાં આવે :

  (૧) પરંપરાગત શિક્ષા અને (૨) વ્યાપારિક અને વ્યાવસાયલક્ષી શિક્ષા

- ✓ ઉચ્ચશિક્ષણ સંસ્થાઓ જેમ કે કૉલેજો, યુનિવર્સીટીઓને ધીરે ધીરે સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવામાં આવે અને તેનાં માટેની અમુક નિશ્ચિત આર્થિક સહાય અને અનુદાનો (ગ્રાંટો) નક્કી કરવામાં આવે.
- ✓ પાઠ્યક્રમો (અભ્યાસક્રમો)માં સમાનતા અને એકરૂપતા લાવવામાં આવે.
- ✓ નૈતિક શિક્ષાને ફરીજીયાત કરવામાં આવે.
- ✓ શાળાઓમાં પુસ્તાલયો અને ફર્નિચરની વ્યવસ્થા કરવામાં આવે.
- ✓ વિદ્યાર્થીઓ પાસે લેવાની થતી ફી, વિદ્યાર્થીઓની હાજરી તથા છાત્રવૃતિ (શિષ્યવૃત્તિ) માટે નિશ્ચિત નિયમ બનાવવામાં આવે.
- ✓ પ્રાથમિક શિક્ષણ ઉપર વિશેષ ભાર આપવામાં આવે અને તેનું સંચાલન સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓને આપવામાં આવે.
- ✓ પ્રાથમિક શિક્ષા માટે અનુદાન (ગ્રાંટ) અને આર્થિક સહાયની રકમ નક્કી કરવામાં આવે અને સમગ્ર શિક્ષણના પાછળ થતા ખર્ચના ૧/૩ ત્રીજા ભાગની હોવી જોઈએ.
- ✓ મુસલમાનો તથા સ્ત્રીઓની શિક્ષાનાં વિકાસ માટે પણ વ્યવસ્થા કરવામાં આવે.

આમ, ઉપરોક્ત હંટર આયોગે આપેલા મોટા ભાગનાં સૂચનોને સરકારે સ્વીકારી લીધા અને તેને અનુરૂપ કાર્યો શરૂ કરી દીધા. આનાં લીધે ભારતમાં શિક્ષણનો પ્રચાર અને વિકાસ ઝડપી બન્યો.

## ભારતીય ભાષા વર્તમાનપત્ર અધિનિયમ (વર્નાક્યુલર પ્રેસ એક્ટ)ને પરત ખેંચી રદ કર્યો

લોર્ડ રિપન દ્વારા બીજો અગત્યનો સુધારો ભારતીય ભાષાનાં વર્તમાનપત્રો ઉપર લોર્ડ લિટનનાં સમયે મુકાયેલા પ્રતિબંધ (વર્નાક્યુલર પ્રેસ એક્ટ) (સરકાર વિરૂદ્ધનાં લખાણો લખવા બાબતે)ને લગતા અધિનિયમને પરત ખેંચી તથા રદ કરવા અંગેનો હતો. આ અધિનિયમ દ્વારા લોર્ડ લિટને વર્તમાનપત્રો ઉપર અનેક પ્રકારનાં પ્રતિબંધો લાદ્યા હતાં. આ અધિનિયમ (વર્નાક્યુલર પ્રેસ એક્ટ) દ્વારા માત્ર ભારતીય ભાષાઓનાં વર્તમાનપત્રો અને સમાચારપત્રો ઉપર જ પ્રતિબંધો લદાયા હતાં, અંગ્રેજી ભાષાનાં અથવા જેનાં માલિકો અંગ્રેજો હતાં, તેવા વર્તમાનપત્રો ઉપર આ અધિનિયમ લાગુ પડાયો નહોતો. આવા ભેદભાવપૂર્ણ અધિનિયમને લોર્ડ રીપને ઈ.સ. ૧૮૮૨માં રદ્દ કર્યો. લોર્ડ લિટને કરેલા ઘણા બધાં અપ્રિય કાર્યોને લીધે વર્તમાનપત્રો દ્વારા તેનાં આવાં કાર્યોની વિરુદ્ધમાં લખાણો લખવામાં આવ્યાં હતાં અને લિટનનાં કાર્યોની ટીકા કરવામાં આવી હતી. આથી લિટને આ નીતિ વિરુદ્ધના લખાણો લખવા અને લોકોમાં અસંતોષની ભાવના જગાડવા માટે જવાબદાર ગણીને વર્તમાનપત્રોમાં આવા લખાણો લખવા ઉપર પ્રતિબંધ લગાડ્યો હતો અને ભારતીય વર્તમાનપત્રોની સ્વતંત્રતા ઉપર આઘાત કર્યો હતો. લોર્ડ રીપને ઈ.સ. ૧૮૮૨માં આ અધિનિયમ રદ્દ કર્યો, લોર્ડ રિપનના આ કાર્યની ભારતીય પ્રેસે ખુબ જ પ્રશંસા કરી. લોર્ડ રિપનના આ કાર્યથી ભારતીયોમાં તેનાં પ્રત્યે માન અને વિશ્વાસની ભાવના જાગૃત થઇ હતી.

## જમીન મહેસુલ – ભૂમીકર અંગેના સુધારાઓ

લોર્ડ રિપન દ્વારા જમીન મહેસુલ અને ભૂમિકર વ્યવસ્થા અંગે પણ સુધારાઓ કરવામાં આવ્યા. લોર્ડ રિપન બંગાળમાં ચાલતી સ્થાયી કર વ્યવસ્થામાં પરિવર્તન લાવવા ઈચ્છતો હતો. તે ખેડૂતોને પોતાની જમીન ઉપર સ્થાયી અધિકાર પ્રાપ્ત થાય તથા ભૂમિકર બધા જ પ્રાંતોમાં એકસમાન હોય અને તેમાં પણ કરમાં માત્ર ત્યારે જ વધારો કરવામાં આવે કે જ્યારે જમીનની કિંમતમાં કે સંપત્તિમાં વધારો થાય તેવી વ્યવસ્થા સ્થાપવા માંગતો હતો. લોર્ડ રિપનની આવી ઉદાર યોજનામાં કૃષકો કે ખેડૂતોને સ્થાયી અધિકાર આપવાની વાતની બંગાળનાં જમીનદારો અને મોટા ખેડૂતોએ વિરોધ કર્યો. આ યોજના અંતર્ગત કર અંગેની બાબતમાં બ્રિટીશ સરકારને આર્થિક નુકસાન થાય તેમ હતું. તેથી તેની આ યોજનાનો બ્રિટીશ સરકારે પણ વિરોધ કરી તેની આ યોજનાનાં પ્રસ્તાવને નામંજુર કર્યો. પરિણામે લોર્ડ રીપને આ યોજનાને પડતી મુકવી પડી હતી.

## સનદી સેવાની વયમર્યાદામાં સુધારો

આ સમયે ભારતમાં ઉચ્ચ સનદી અધિકારી તરીકેની સેવામાં નોકરી પ્રાપ્ત કરવા માટે indian Civil Servieces(ICS)ની પરીક્ષા પાસ કરવી જરૂરી હતી. આ પરીક્ષામાં ભારતીયોને બેસવાની છૂટ તો હતી. પરંતુ આ પરીક્ષા આપવા માટે એક માત્ર કેન્દ્ર લંડન હતું. તેથી આ પરીક્ષામાં ખુબ જ માર્યાદિત સંખ્યામાં ભારતીયો બેસતા હતાં અને તેમાં પણ પરીક્ષા અત્યંત અઘરી હોવાથી પાસ થનાર ભારતીયો લગભગ નહીવત હતા. લોર્ડ રીપને આ પરીક્ષાનું એક કેન્દ્ર ભારતમાં સ્થાપવાની રજૂઆત કરી હતી. પરંતુ બ્રિટીશ સરકારે તેને નામંજૂર કરી તેનાં આ પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. પરંતુ લોર્ડ લિટનનાં સમયમાં આ પરીક્ષામાં બેસવા માટેની જે વયમર્યાદા ૨૧ વર્ષ હતી તેને બદલે ઘટાડીને ૧૯ વર્ષ કરવામાં આવી હતી, જેથી ભારતીયોને તેમાં બેસવાને લાયક સ્નાતકની પદવી ૧૯ વર્ષ સુધી ન મેળવી શકતા હોવાને કારણે ગેરલાયક ઠરતા હતા. લોર્ડ રીપને આ વયમર્યાદા ફરીથી ૧૯ વર્ષમાંથી વધારીને ૨૧ વર્ષની કરી દીધી, જેથી ભારતીય ઉમેદવારો ફરીથી આ પરીક્ષામાં બેસવાને પાત્ર થયા. લોર્ડ રીપનનાં આ સુધારાથી ભારતીય યુવાનોમાં તેનાં પ્રત્યે સન્માનની લાગણી જન્મી અને બ્રિટીશ સરકાર પ્રત્યેનો અસંતોષ પ્રમાણમાં ઓછો થયો.

## સામાજિક સુધારો – મિલ મજૂરો અંગેનો કાયદો

સામાજિક ક્ષેત્રે લોર્ડ રિપનનો મહત્વનો પ્રથમ સુધારો ભારતીય કારખાનાઓ અને મિલોમાં કામ કરતાં કામદારો અને મજૂરોની સ્થિતિ સુધારવા અંગેનો કાયદો હતો. લોર્ડ રીપને ઈ.સ.૧૮૮૧માં પ્રથમ ફેકટરી કાયદો(Factory Act) જાહેર કર્યો. આ કાયદા દ્વારા મિલ મજૂરોની સ્થિતિ સુધારવા અંગે પ્રયાસ કરવામાં આવ્યો. આ કાયદો ૧૦૦ કે તેથી વધુ મજુરો કામ કરતા હોય તેવા કારખાનાઓ ઉપર લાગુ પાડવામાં આવ્યો હતો. આ કાયદા દ્વારા સાત (૭) વર્ષથી ઓછી ઉંમર ધરાવતા બાળકો પાસેથી બાળ મજુરી બંધ કરાવવામાં આવી. ૧૨ વર્ષની ઉંમર સુધીનાં બાળકો પાસેથી ૯ કલાકથી વધારે કામ લેવા ઉપર પણ પ્રતિબંધ લગાડવામાં આવ્યો. લોર્ડ રીપને એ પણ ઠરાવ્યું કે કારખાનાઓમાં જોખમી મશીનોની ચારેય તરફ સુરક્ષિત વાડ (રેલિંગ) રાખવામાં આવે કે જેથી મજુરોનાં જીવનું જોખમ ઘટે. આ કાયદાનાં અમલ માટે વિવિધ નિરીક્ષકો (સુપરવાઈઝરો)ની નિયુક્તિ પણ કરવામાં આવી. લોર્ડ રિપનનાં આ કાર્યથી મજૂરો, ખાસ કરીને બાળમજૂરોનું શોષણ બંધ થઇ ગયું. ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રનો આ એક મહત્વપૂર્ણ સુધારો હતો.

## ન્યાય ક્ષેત્રે સુધારો – ઈલ્બર્ટ બિલ

ભારતમાં લોર્ડ રિપનનું સૌથી વિવાદાસ્પદ કાર્ય ઈલ્બર્ટ બિલને મંજુરી આપવાનું હતું. આ બિલનાં રજૂ થયાં પહેલાં ન્યાય ક્ષેત્રે એવી વ્યવસ્થા હતી કે જેમાં યુંરોપીયનોનાં કોર્ટ કેસો માત્ર જસ્ટિસ ઓફ પીસ કે હાઈકોર્ટ દ્વારા જ ચલાવવામાં આવતાં હતાં. વળી આ કોર્ટનાં ન્યાયાધીશો યુરોપિયન જ હોય તે પણ અનિવાર્ય હતું. ઉપરોક્ત અદાલતો માત્ર પ્રેસીડેન્સીનાં મુખ્ય નગરો, જેવા કે મુંબઈ, કલકતા અને મદ્રાસમાં જ હતી. આ સિવાય અન્ય કોઈપણ નગર કે શહેરમાં ભારતીય ન્યાયાધીશ યુરોપીયનો ઉપરનાં કેસો (મુકદમા) ચલાવી શકતો નહોતો. આ સ્થિતિમાં કલકતા પ્રેસિડેન્સીનાં મેજિસ્ટ્રેટ બિહારીલાલને બઢતી (પ્રમોશન) મળતાં તેઓ સેશન્સ જજ (ન્યાયાધીશ) બન્યા, પરંતુ નિયમોનુસાર તેઓ યુંરોપીયનોનાં કેસોનાં ચુકાદાઓ આપી શકતા ન હતા. તેથી તેણે પોતાની આવી વિરોધાત્મક સ્થિતિ વિશે કલકત્તાનાં ઉપ-ગવર્નર સર એશલે ઈડનની સમક્ષ રજૂઆત કરી. આ જ રીતે ઈ.સ.૧૮૮૨માં કલકત્તામાં પણ હાઇકોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ તરીકે એક ભારતીય રમેશચન્દ્ર મિત્રાને નિયુક્ત કરવામાં આવ્યા. તેમની સ્થિતિ પણ ન્યાયાધીશ બિહારીલાલ જેવી જ હતી. પરિણામે અંગ્રેજો અને ભારતીયો વચ્ચે ઘર્ષણને ભારતીય ન્યાય વ્યવસ્થામાંથી સમાપ્ત કરવાનાં હેતુથી કાયદા સભ્ય શ્રી સી.પી. ઈલ્બર્ટે ૨, ફેબ્રુઆરી, ઈ.સ.૧૮૮૩નાં રોજ પોતાનો પ્રસ્તાવ (ઈલ્બર્ટ બિલ) વિધાન પરીષદમાં રજૂ કર્યો. આ પ્રસ્તાવનો ઉદેશ્ય "જાતિભેદ ઉપર આધારિત તમામ ન્યાયિક ત્રુટિઓને અને ખામીઓને સમાપ્ત કરી ભારતીય અને યુરોપિયન ન્યાયાધીશોનાં અધિકારોને એક સમાન કરવાનો હતો."

## ઈલ્બર્ટ બિલનો વિરોધ

ઈલ્બર્ટ બિલનો અંગ્રેજો દ્વારા સખત વિરોધ કરવામાં આવ્યો. ભારતનાં અને ઇંગ્લેન્ડનાં મોટા ભાગનાં અંગ્રેજો આ સુધારાનાં વિરોધમાં હતાં. ઈલ્બર્ટ બિલ અંગ્રેજોના વિશેષાધિકારો ઉપરનો વજ્રઘાત હતો. આ બિલનો વિરોધ કરવા માટે અને અંગ્રેજોનાં અધિકારોની રક્ષા કરવાના હેતુ માટે એક પ્રતિરક્ષણ સંઘ પણ બનાવવામાં આવ્યો. લંડન તથા ભારતમાં આ બિલનાં વિરોધમાં વ્યાપક પ્રચારો કરવામાં આવ્યા. અંગ્રેજો દ્વારા કહેવામાં આવ્યું કે, " **શું અમારા નિર્ણયો કાળા લોકો કરશે ? શું તેઓ અમારા ઉપર આદેશો કરશે ? અમને સજા આપશે ? અમને જેલ મોકલશે ? – ક્યારેય નહી આવું થાય તેનાં કરતાં તો ભારતમાંથી અંગ્રેજી રાજ્ય સમાપ્ત થઇ જાય તે વધારે યોગ્ય થશે."** અંગ્રેજોએ લોર્ડ રિપનનું અપમાન કર્યું. તેણે ભારતમાંથી પાછો બોલાવવા માટે બ્રિટીશ સરકાર ઉપર દબાણ લાવવામાં આવ્યું. અમુક અંગ્રેજોએ તેના અપહરણની પણ યોજનાઓ બનાવી હતી. ઈલ્બર્ટ બિલ અને લોર્ડ રિપનનો એટલો મોટા પાયે વિરોધ થયો કે સરકારને તેમાં સુધારો કરવાની ફરજ પડી.

**ઈલ્બર્ટ બિલમાં સુધારો**

વિરોધાભાસ અને બ્રિટિશ સરકારના દબાણવશ થઇને અંતે લોર્ડ રિપનને ઈલ્બર્ટ બિલમાં સુધારો(સંશોધન) કરવાની ફરજ પડી. ૨૫ જાન્યુઆરી, ઈ.સ.૧૮૮૪માં એક નવા પ્રસ્તાવ દ્વારા એવું ઠરાવવામાં આવ્યું કે યુરોપિયનોનાં કેસો માત્ર સેશન્શ જજ કે જિલ્લા મેજિસ્ટ્રેટની અદાલતોમાં જ ચલાવવામાં આવે અને જો યુરોપિયન આરોપી પોતાના ચુકાદા માટે યુરોપિયન કે અંગ્રેજ ન્યાયાધીશાની માંગણી કરે તો તેને ગ્રાહ્ય રાખવામા આવે. ઉપરાંત યુરોપિયનોને પોતાના કેસનાં સંદર્ભો ૧૨ સભ્યો કે જેમાં ઓછામાં ઓછા ૭ સભ્યો અંગ્રેજો હોય એવી જ્યુરીની માગણીનો અધિકાર પણ આપવામાં આવ્યો. આ સિવાયની અન્ય કોઈપણ ન્યાયાલયો કે અદાલતોને યુરોપિયનો કે અંગ્રેજો ઉપર કેસ ચાલવાનો અધિકાર આપવામાં આવ્યો નહી. આ સુધારાથી ઈલ્બર્ટ બિલ અર્થહીન બની ગયું અને અંગ્રેજોમાં આનંદ છવાઈ ગયો. અંગ્રેજોનાં વિશેષધિકારો પણ સુરક્ષિત થઇ ગયા અને તેમનાં અહંકારની પણ તુષ્ટિ થઇ.

**લોર્ડ રિપન - એક મૂલ્યાંકન**

ઈ.સ. ૧૮૮૪માં લોર્ડ રીપને પોતાનું રાજીનામું આપી પરત ઇંગ્લેન્ડ જવાનું નક્કી કર્યું. તેના વિદાય સમારંભમાં અનેક ભારતીય નેતાઓએ ભાગ લીધો હતો. અમૃતસર, મુંબઈ, કલકત્તા, વગેરે શહેરોમાં અલગ અલગ સમારંભોમાં ભારતીયો દ્વારા તેને ભાવભીની વિદાય આપવામાં આવી હતી. તે પ્રથમ એવો અંગ્રેજ વાઈસરોય હતો જેને ભારતીયોની આટલી સહાનુભતિ પ્રાપ્ત થઇ હતી. ડૉ. એસ. ગોપાલના અનુસાર " **રિપન ભારતીયો દ્વારા પુજાતો હતો, જ્યારે મોટા ભાગનાં અંગ્રેજો તેનાથી ધૃણા (નફરત) કરતા હતા** " પંડિત મદનમોહન માલવીયાનાં માટે " **રિપન ભારતનાં પ્રખ્યાત ગર્વનર જનરલોમાં સૌથી મહાન અને લોકપ્રિય હતો.** " ભારતીયો દ્વારા લોર્ડ રિપનની આટ આટલી પ્રશંસાનું કારણ એ હતું કે ભારતીય લોકો લોર્ડ રિપનને પોતાનો હિતેચ્છુ સમજતા હતા, તેણે ભારતીયોને અંગ્રેજોની સમકક્ષ લાવવાના પ્રયાસો કર્યા. તેણે ભારતમાં સ્થાનિક સ્વશાસન (સ્વરાજ્ય)નો વિકાસ કર્યો, શૈક્ષણિક સુધારાઓ કર્યા, આર્થિક સુધારાઓ કર્યા, સનદી સેવાની વયમર્યાદા વધારી ભારતીય ઉમેદવારોને આગળ લાવવા પ્રયાસ કર્યો. તેણે સ્થાનિક સ્વશાસનનો વિકાસ કરી ભારતીયોને રાજકીય અને વહીવટી ક્ષેત્રે સામેલ કર્યા.

લોર્ડ રિપને ભારતીયોનો શૈક્ષણિક વિકાસ કર્યો હતો. તેણે ભારતમાં રહીને હંમેશા ભારતીયોનું હિત જોયું હતું. અંગ્રેજો પણ આજ કારણે લોર્ડ રિપનનો વિરોધ કરતા હતા અને ટીકાઓ પણ કરતાં હતાં. મહાન વિદ્વાન આર્નોલ્ડ વ્હાઈટ શબ્દોમાં કહીએ તો " **લોર્ડ રીપને અંગ્રેજો માટે ભારતને ગુમાવવાનાં દ્વાર ખોલી દીધાં હતાં** " નિષ્પક્ષ અંગ્રેજોએ પણ લોર્ડ રિપનની પ્રશંસા કરી છે. લોર્ડ રિપનને " **ભારતનો ઉદ્ધારક** " પણ કહેવામાં આવ્યો છે. લોર્ડ

રિપન ભારતમાં જેટલો લોકપ્રિય થયો એટલો કોઈપણ વાઈસરોય થયો ન હતો. એટલા માટે જ ભારતીયો તેને " **મહાનુભાવ રિપન** " તરીકે ઓળખે છે. જોકે અમુક લોકો તેના આવા સુધારાવાદી અને માનવતાવાદી કાર્યોને ખોટા ઢોંગ તરીકે માંને છે, પણ જો તે આવું નાં કરત અને અન્ય વાઈસરોયોની જેમ પક્ષપાતી અને ભારત વિરોધી વલણ રાખત તો પણ તેને કોઈ ફેર ના પડત, તેને એવું ના કર્યું અને પોતાના સારા કર્યો દ્વારા ભારતમાં પોતાની માનવતાવાદી વાઈસરોય તરીકેની છબી ઉભી કરી હતી.

**<u>સંદર્ભ</u>**


- Cambridge History of India - H. H. Dodwell
- Rise and Expansion of the British Dominion India - Alfred Lyall
- The English in India - J. A. R. Marriot
- An Oxford History of Modern India - Percival Spear
- History of the French in India - G. B. Malleson
- Rise and fulfillment of British in India - Thompson and Garratt
- The Men who Ruled India - Philip Woodruff
- The Decisive battles of India - G. B. Malleson
- A History of British India - P. E. Roberts
- The Making of British India - Ramsay Muir
- The Oxford History of India - Sir Vincent Arthur Smith
- History of India - K. A. Nilkanth Shastri
- The making of Modern India - Prof. S. R. Sharma
- A Text Book of Modern India History - Srakar & Datta
- Modern India - Sumit Sarkar